## પ્રશાંત મહાસાગરના પેટાળમાં ગરમીનો ઉકળાટ,

# ધરતી પર ત્રાટકી શકે છે 'ગોડઝિલા' સુપર અલ નીનો!



આ જના આધુનિક યુગમાં માનવજાત વિજ્ઞાન, તકનીક અને આર્થિક સમૃદ્ધિ ક્ષેત્રે ભલે ગમે તેટલી ગગનચુંબી પ્રગતિનો દાવો કરતી હોય પરંતુ જ્યારે પૃથ્વી અને કુદરત પોતાનો રોષ પ્રગટ કરે છે ત્યારે મોટા મોટા સત્તાધીશો અને અર્થતંત્રો ઘૂંટણિયે પડી જાય છે. હાલમાં જ હવામાન વિજ્ઞાનીઓ અને વૈશ્વિક સંસ્થાઓ દ્વારા એક એવી ભયાનક ઈશારારૂપી ચેતવણી આપવામાં આવી છે, જેણે આખી દુનિયાની નીંદર ઉડાડી દીધી છે. પ્રશાંત મહાસાગરના પેટાળમાં ચાલતી અકુદરતી ગરમીની રમત હવે ધરતી પર મસમોટું મોસમી તોફાન સર્જવા જઈ રહી છે. આ વખતે જેને 'ગોડઝિલા' સુપર અલ નીનો તરીકે ઓળખવામાં આવી રહ્યો છે, તે હવામાનના તમામ જૂના રેકોર્ડ તોડીને ભારત સહિત આખી દુનિયાના અર્થતંત્ર, ખેતીવાડી અને ખાદ્ય સુરક્ષા સામે અસ્તિત્વનો સવાલ ઊભો કરવા જઈ રહ્યો છે.

અલ નીનો એ માત્ર કોઈ સાધારણ હવામાનકીય ઘટના નથી પરંતુ તે આખા બ્રહ્માંડ અને પૃથ્વીના વાતાવરણમાં મોટી ઉથલપાથલ સર્જતો એક રાક્ષસ છે. પેસિફિક મહાસાગરના વિષુવવૃત્તીય વિસ્તારોમાં જ્યારે દરિયાઈ સપાટીનું પાણી અસામાન્ય રીતે અતિશય ગરમ થઈ જાય છે ત્યારે આખી દુનિયાના મહાસાગરીય અને વાતાવરણીય પ્રવાહોની દિશા બદલાઈ જાય છે. સામાન્ય સંજોગોમાં જે કુદરતી પવનો ભેજ ખેંચીને દક્ષિણ એશિયા અને ભારત તરફ લાવે છે, તે પવનો આ અતિશય ગરમીને કારણે નબળા પડી જાય છે અથવા તો પોતાની દિશા બદલી નાખે છે. વૈજ્ઞાનિક ડેટા દર્શાવે છે કે આ વખતે સર્જાઈ રહેલો અલ નીનો અત્યાર સુધી નોંધાયેલા ઈતિહાસમાં સૌથી વધુ ખતરનાક અને શક્તિશાળી નીવડશે. આપણા દેશ માટે ચોમાસું એ માત્ર વરસાદી ઋતુ નથી પણ આખા દેશના અર્થતંત્રની ધબકતી રગ છે. ભારતના કરોડો ખેડૂતો, ખેતમજૂરો અને ગ્રામીણ અર્થવ્યવસ્થા સીધી રીતે ચોમાસાના વરસાદ પાણી પર નિર્ભર છે. જો 'ગોડઝિલા' સુપર અલ નીનોની ઘાતક અસર ભારતીય ઉપખંડ પર પડે તો ચોમાસાનું સમગ્ર ચક્ર છિન્નભિન્ન થઈ જાય છે. અષાઢ અને શ્રાવણ જેવા મુખ્ય વરસાદી મહિનાઓમાં જ્યારે ખેતરોને પૂરતા પાણીની જરૂર હોય છે ત્યારે વાદળો કોરાધાકોર ગાયબ થઈ જાય છે. ડાંગર (ચોખા), કઠોળ, મકાઈ, કપાસ અને તેલીબિયાં જેવા મુખ્ય ખરીફ પાકોને આની સીધી અસર થાય છે. જે ખેડૂતોએ ધોમધખતા તાપમાં મહેનત કરીને વાવેતર કર્યું હોય, તેમનાં ખેતરો સુકાઈને ભસ્મીભૂત થઈ જાય છે અથવા તો અતિશય અસમાન વરસાદને કારણે પાક ધોવાઈ જાય છે. જ્યારે દેશમાં અનાજ, કઠોળ અને શાકભાજીનું ઉત્પાદન ઘટે છે ત્યારે બજારમાં પુરવઠો ખોરવાય છે. આનાથી દેશભરમાં મોંઘવારીનો રાક્ષસ માથું ઊંચકે છે. સામાન્ય અને મધ્યમ વર્ગના પરિવારનું માસિક બજેટ ખોરવાઈ જાય છે. ગરીબ વસ્તી માટે પૂરતો ખોરાક મેળવવો પણ મુશ્કેલ બની જાય છે, જેનાથી દેશની અન્ન-સુરક્ષા ઉપર મોટો ખતરો મંડરાય છે. ચોમાસુ નબળું પડે ત્યારે તેની અસર માત્ર તે ચોક્કસ ઋતુ પૂરતી મર્યાદિત નથી રહેતી પરંતુ આવનારા આખા વર્ષના જળવ્યવસ્થાપન પર પડે છે. દેશના મોટાભાગનાં રાજ્યોમાં ભૂગર્ભ જળસ્તર પહેલેથી જ ચિંતાજનક રીતે નીચે જઈ રહ્યા છે. અલ નીનોને કારણે જો પૂરતો વરસાદ ન થાય તો દેશનાં મુખ્ય નદીઓ, સરોવરો અને મોટા મોટા ડેમોનાં તળિયાં દેખાવા લાગે છે. ગ્રામીણ વિસ્તારોમાં ઢોર-ઢાંખર માટે ઘાસચારો અને પીવાના પાણીની વિકટ સમસ્યા સર્જાય છે. કાળઝાળ ગરમી વચ્ચે માણસોથી લઈને મૂંગા પશુઓ અને વન્યજીવો પાણીના એક-એક બુંદ માટે વલખાં મારવા મજબૂર બને છે. મોટાં શહેરોમાં પણ પાણીના કાપ અને રેશનિંગની સ્થિતિ ઊભી થાય છે.

## વિકલ્પ

★ દીપક આશર

સુપર અલ નીનોની હોનારત માત્ર ભારત પૂરતી સીમિત રહેવાની નથી. આ એક વૈશ્વિક આપત્તિ છે, જેની અસર પ્રશાંત કિનારાના દેશોથી લઈને ઓસ્ટ્રેલિયા, દક્ષિણ અમેરિકા, આફ્રિકા અને યુરોપ સુધી વિસ્તરી છે. ઓસ્ટ્રેલિયા અને દક્ષિણ-પૂર્વ એશિયાના દેશોમાં ભયાનક દુષ્કાળ અને જંગલોમાં દાવાનળની ઘટનાઓ અચાનક વધી જાય છે, જ્યારે દક્ષિણ અમેરિકાના કેટલાક ભાગોમાં વિનાશક પૂર અને વાવાઝોડાં ત્રાટકે છે. જ્યારે ઓસ્ટ્રેલિયામાં ઘઉં, બ્રાઝિલમાં ખાંડ અને કોફી તથા એશિયામાં ચોખાનું ઉત્પાદન ઘટે છે ત્યારે આંતરરાષ્ટ્રીય બજારમાં ખાદ્યચીજોના ભાવ આસમાને પહોંચે છે. આનાથી વિશ્વવ્યાપી ફુગાવો વધે છે. શેરબજારોમાં અસ્થિરતા આવે છે અને વિવિધ દેશોનો આર્થિક વિકાસ દર ધીમો પડી જાય છે. આટલી મોટી કુદરતી આફત સામે માત્ર હાથ પર હાથ ધરીને બેસી રહેવાથી કે માત્ર ચિંતા વ્યક્ત કરવાથી કામ નહીં ચાલે. જ્યારે 'ગોડઝિલા' અલ નીનો જેવા મહાસંકટો દરવાજે ટકોરા મારી રહ્યા હોય ત્યારે સરકારે, સમાજે અને નાગરિકોએ મળીને એક મજબૂત અને બહુપક્ષીય વ્યૂહરચના અમલમાં મૂકવી અનિવાર્ય છે. શહેરી અને ગ્રામીણ બંને વિસ્તારોમાં વરસાદી પાણીના સંગ્રહ માટે રેન વોટર હાર્વેસ્ટિંગ સિસ્ટમ ફરજિયાત બનાવવી જોઈએ. ચોમાસા પહેલાં જ દેશનાં તળાવો, નહેરો અને ચેકડેમોમાંથી કાંપ (સિલ્ટ) દૂર કરીને તેમની પાણી સંગ્રહ કરવાની ક્ષમતા વધારવી જોઈએ. ઉદ્યોગો અને બિન-જરૂરી વપરાશ માટે ભૂગર્ભ જળ ખેંચવા પર કડક નિયંત્રણો લાદવા અને પીવાના પાણીની બચત માટે જાગૃતિ અભિયાન ચલાવવું જોઈએ.



ખેડૂતોને કટોકટીના સમયે વધુ પાણી માગતા પાકોના બદલે ઓછા પાણીમાં પાકતા અને દુષ્કાળ-પ્રતિકારક પાકો જેવા કે જુવાર, બાજરી, મકાઈ અને કઠોળનું વાવેતર કરવા પ્રોત્સાહિત કરવા જોઈએ. ઉપરાંત, ટપક સિંચાઈ અને ફુવારા પદ્ધતિનો વ્યાપ ૧૦૦% સુધી પહોંચાડવો જોઈએ, જેથી પાણીના એક-એક ટીપાનો કાર્યક્ષમ ઉપયોગ થાય. એટલું જ નહીં, હવામાન વિભાગ દ્વારા ખેડૂતો સુધી સ્થાનિક ભાષામાં, સમયસર અને સચોટ માહિતી પહોંચાડવી જેથી તેઓ વાવેતરનો યોગ્ય સમય નક્કી કરી

**જ્યારે કુદરતી ચક્ર ખોરવાય છે ત્યારે તેનો માર સહુથી વધુ સમાજના છેવાડાના અને નિર્દોષ લોકો પર પડે છે પરંતુ જો સમયસર, દીર્ઘદ્રષ્ટિપૂર્ણ અને મજબૂત વ્યૂહરચના અપનાવવામાં આવે તો આ મહાકાય 'ગોડઝિલા' જેવા સંકટની તીવ્રતાને ચોક્કસપણે ઘટાડી શકાય**

શકે. પાક નિષ્ફળ જાય તેવા સંજોગોમાં ખેડૂતોને આર્થિક પાયમાલીથી બચાવવા માટે પાક વીમા યોજના અને રાહત પેકેજોનું અગાઉથી આયોજન કરવું જોઈએ.

બીજી તરફ, સરકારે ચોખા, ઘઉં અને મુખ્ય અનાજનો પર્યાપ્ત બફર સ્ટોક અગાઉથી જ તૈયાર રાખવો જેથી કટોકટીના સમયે જાહેર વિતરણ વ્યવસ્થા દ્વારા ગરીબો સુધી સસ્તું અનાજ પહોંચાડી શકાય. મોંઘવારી અને અનાજની કૃત્રિમ અછત ઊભી કરનાર સટ્ટાખોરો અને સંગ્રહખોરો સામે કડક કાનૂની કાર્યવાહી કરવી જોઈએ. જરૂર પડે ત્યારે દેશની જરૂરિયાતોને પ્રાથમિકતા આપીને ચોખા કે ઘઉં જેવી ખાદ્યચીજોની નિકાસ પર અસ્થાયી નિયંત્રણો મૂકીને દેશમાં ભાવ સ્થિર રાખવા જરૂરી છે.

'ગોડઝિલા' અલ નીનો એ માત્ર એક હવામાન સંબંધી ચેતવણી નથી પણ એ ગ્લોબલ વોર્મિંગ અને માનવસર્જિત પર્યાવરણીય વિનાશ સામે કુદરતનું આખરી અલ્ટીમેટમ છે. જ્યારે કુદરતી ચક્ર ખોરવાય છે ત્યારે તેનો માર સહુથી વધુ સમાજના છેવાડાના અને નિર્દોષ લોકો પર પડે છે પરંતુ જો સમયસર, દીર્ઘદ્રષ્ટિપૂર્ણ અને મજબૂત વ્યૂહરચના અપનાવવામાં આવે - જેમાં જળસંચય, વૈજ્ઞાનિક ખેતી પદ્ધતિ અને નીતિગત આયોજનનો સમન્વય હોય તો આ મહાકાય 'ગોડઝિલા' જેવા સંકટની તીવ્રતાને ચોક્કસપણે ઘટાડી શકાય છે. કુદરતના રોષ સામે લડવાનો શ્રેષ્ઠ માર્ગ પર્યાવરણ પ્રત્યે સંવેદનશીલ બનીને પૂર્વતૈયારીઓ સાથે સજ્જ રહેવાનો જ છે.